# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2562 ❖ ચૈત્ર પૂર્ણિમા ❖ 19 એપ્રિલ 2019 ❖ વર્ષ – 19 ❖ અંક – 01 ❖ સળંગ અંક - 229


## ધમ્મવાણી

**सद्धो सीलेन सम्पन्नो यसोभगसमप्पितो ।**
**यं यं पदेसं भजति तत्थ तत्थेव पूजितो ।।१**

જે શ્રદ્ધાવાન છે, જે સદાચારી છે, જે યશસ્વી છે, જે સંપત્તિવાન છે, તે જયાં જયાં જાય છે, ત્યાં ત્યાં આદર–સત્કાર પામે છે.

-ધમ્મપદ

## ભૂમિપૂજનનું મહત્ત્વ

**ઇસ ધરતી પર ધરમ કી, અમૃતવર્ષા હોય;**
**જો આયે તપને યહાં, સબકા મંગલ હોય.**
**ઇસ ધરતી પર ધરમ કી, અમૃતવર્ષા હોય;**
**જો-જો આયે તપ કરને, મુકિત સભી કી હોય.**

ધરતીનું પૂજન થાય છે ધર્મ ધાતુથી, ધરતીનું સન્માન થાય છે ધર્મ ધાતુથી, ધરતીનું મંગળ થાય છે. ધર્મ ધાતુથી. મનુષ્ય ધન્ય થઇ જાય છે. જો તે ધર્મ ધાતુમાં (ધર્મતરંગોમાં) તપે છે, વીતરાગતામાં તપે છે, વીતમોહમાં તપે છે. ધરતી ધન્ય થઇ જાય છે જયાં વીતરાગના તરંગો, વીતદ્વેષના તરંગો, વીતમોહના તરંગો સાધકની સાધના થકી પ્રસારિત થાય છે. ધરતી ધન્ય થઇ જાય છે જયારે ત્યાં તપ કરવાવાળા ધન્ય બને છે. આ સ્થાન, આ ધરતી અનેક લોકોને મુકિતનો માર્ગ મળવામાં, મુકત થવામાં એક સાધન બનશે, એમાં જ ધરતીની ધન્યતા છે. સાચે જ આ ભૂમિ ખૂબ મંગલમયી છે એટલે જ અહીં શુદ્ધ ધર્મનો અભ્યાસ આરંભ થયો અને સમય જતાં અનેકાનેક લોકો અહીં તપશે.

અહીં તપોભૂમિનું નિર્માણ થઇ રહ્યું છે. આ મહાન કાર્યમાં જે જે સાધક પોતાની ક્ષમતા પ્રમાણે જે જે પ્રકારે તનથી, મનથી, ધનથી, વાણીથી, સેવાથી – સહાયતા આપી રહ્યા છે, તે તેમના માટે ખૂબ મંગલકારક છે. કોણ કેવા પ્રકારની અને કેટલી સહાયતા કરે છે, એ મહત્ત્વનું નથી. પરંતુ કેવા ભાવથી, ચિત્તની કેવી ચેતનાથી સહાયતા કરે છે એ મહત્ત્વનું છે. શુદ્ધ ચિત્તથી, ધર્મચેતનાથી જે સહયોગ આપે છે, તેનું જ મહત્ત્વ છે. સહયોગ કરતાં એ જ ધર્મચેતના જાગે કે અનેક લોકોને શુદ્ધ ધર્મનો માર્ગ મળે, દુઃખોથી મુકત થવાનો માર્ગ મળે, માર્ગ પર આગળ વધવામાં તેમને વધુ ને વધુ સુવિધાઓ મળે તેમાં હું યથાશકિત યોગદાન કરું.

આ ધરતી પર તપ કરીને એક વ્યકિત પણ નિર્વાણનો સાક્ષાત્કાર કરી લે તો એનાથી વધુ આ ધરતીને શું હર્ષ હોય, શું પુલક રોમાંચ હોય ! આ ધરતી પર જે શુદ્ધ ચેતનાથી, જે ધર્મચેતનાથી કામ થશે એનાથી અહીંના દશ્ય–અદશ્ય જીવો પ્રસન્ન થશે. ધરતી શુદ્ધ, સેવા આપવાવાળા લોકોની ચેતના શુદ્ધ, જે જે દાન આવે તે શુદ્ધ, વાતાવરણ શુદ્ધ તો આ ધરતી દીર્ઘકાળ સુધી અનેક લોકોના મંગલનું કારણ બનશે.

જયાં શુદ્ધ ધર્મ જાગે છે ત્યાં ધર્મના શુદ્ધ તરંગોથી ધરતી તપે છે. આ ધર્મભૂમિ ન જાણે કેટલાય યુગોથી ધર્મમાં તપી રહી છે. આ સ્થાન પર અનેક લોકોને ધર્મ પ્રાપ્ત કરવાનો, કલ્યાણ સાધવાનો અવસર મળશે. આમ આ ભૂમિ અનેક લોકોના કલ્યાણનું કારણ બનશે. અહીં ધર્મ સિવાય બીજી કોઇ પ્રવૃત્તિ નહીં થાય. આ ધરતી પર રાગથી, દ્વેષથી, મોહથી, મુકત થવું એનું ખાલી ચિંતન નહીં, પરંતુ વિકારોની મુકિતનો સક્રિય અભ્યાસ થશે. કેટલા મંગલની વાત !

આપણે ત્યાં એક પરંપરા છે, ભૂમિપૂજન કરવાની. શુદ્ધ ધર્મના માર્ગે શું ભૂમિપૂજન હોય છે ? ભૂમિનું પૂજન, ભૂમિનું સન્માન એવી રીતે કે સાધક ત્યાં બેસીને તપે. તપ કરીને જે શુદ્ધ તરંગો જગાવે એનાથી મોટું ભૂમિનું કોઇ સન્માન નહીં, એનાથી મોટું કોઇ પૂજન નહીં. એટલે વધારેને વધારે સાધક–સાધિકાઓ તપોભૂમિ પર આવીને તપે, વધુ ધર્મતરંગો આ ભૂમિ પર, આ વાતાવરણમાં સ્થાપિત થાય જેથી અનેક લોકોનું મંગલ થાય, કલ્યાણ થાય, આ જ ભૂમિપૂજન છે, આ જ ભૂમિનું સન્માન છે.

જે પણ સાધક સાધના કરે છે તે પોતાનો મેલ ઉતારે છે. ભલે થોડો પણ મેલ ઊતરે, તો મનમાં મંગલ મૈત્રી જાગે છે કે જેમ મારું કલ્યાણ થયું તેમ વધુમાં વધુ લોકોના કર્મબંધન તૂટે, તેમનું કલ્યાણ થાય, એમાં હું કેવી રીતે સહાયક બનું. જેની પાસે જે યોગ્યતા છે, જે શકિત છે તે પ્રકારે તનથી, મનથી, ધનથી આવીને જેટલો સાધના કરશે તેટલો અનેક લોકોના મંગલનું કારણ બનશે.

ગુરુદેવ સયાજીના જીવનકાળમાં નિર્વાણિક અવસ્થા પર પહોંચેલા એવા અનેક સાધકો હતા જેઓ જયારે અને જેટલા સમય માટે ચાહે ત્યારે તેટલા સમય માટે નિર્વાણિક અવસ્થામાં જઇ શકતા હતા. આવા ઉચ્ચ કક્ષાના સાધકોને ઋણમુકત થવા માટે સયાજી કહેતા કે ઓછામાં ઓછું અઠવાડિયામાં એકવાર કેન્દ્ર પર આવીને નિર્વાણિક સમાધિમાં જવાનો અભ્યાસ કર્યા કરો. કેટલી મોટી સેવા તેમના તપથી આખો આશ્રમ ધર્મના તરંગોથી આપ્લાવિત થઇ જતો. આમ જે જે સાધક જે જે અવસ્થા પર પહોંચ્યો છે, સાધના કરતાં કરતાં તેટલા ધર્મતરંગો જગાવશે. તે તેના તપના તરંગોનું દાન હશે. વાતાવરણને ખૂબ મદદ કરશે.

''ધમ્મ દાનં સબ્બ દાનં જિનાતી'' (બધા પ્રકારના

દાનોમાં ધર્મદાન શ્રેષ્ઠ છે). એટલે શક્ય હોય તો દરેક સાધક અઠવાડિયે એક વખત કેન્દ્ર પર આવીને સાધના કરે એ મહત્ત્વનું છે. તપવામાં પોતાનું કલ્યાણ તો છે જ. સાથે-સાથે કેટલાય લોકોનું કલ્યાણ થશે. ધર્મ પોતાના શુદ્ધ સ્વરૂપમાં રહેશે ત્યાં સુધી ન જાણે કેટલાય લોકો આવશે. જ્યાં ધર્મના તરંગો છે ત્યાં લોકો આપોઆપ ખેંચાઇને આવશે અને તપશે. પોતાનું કલ્યાણ સાધશે.

**જિસ ધરતી પર ધરમ જગે, ઉસ ધરતી કા સમ્માન કરે.**
**જિસ ધરતી પર ધરમ જગે, ઉસ ધરતી કા સત્કાર કરે.**
**ઉસ ધરતી પર સ્વયં તપે, તપ તપ કર નિજ કલ્યાણ કરે.**
**ઉસ ધરતી પર સ્વયં તપે, તપ તપ કર જગ કલ્યાણ કરે.**
**સબ કા મંગલ હો ! સબ કા કલ્યાણ હો ! સબ કી સ્વસ્તિ મુક્તિ હો !**

**-પૂ. ગુરુજીના જયપુર કેન્દ્ર પર ઉદ્‌બોધનમાંથી**

# નિમંત્રણ
# ધમ્મકોટ નવા કેન્દ્રનું ભૂમિપૂજન

આત્મીય સાધક ભાઇ / બહેન

અતીવ પ્રસન્નતા અને મોદ સાથે સૂચિત કરવાનું કે ધમ્મકોટ કેન્દ્ર (રાજકોટ)નું વિસ્તરણ થઇ નવા મુકામે રંગપર ગામમાં ૨૧ એકર ભૂમિના વિસ્તારમાં સ્થળાંતર થવા જઇ રહ્યું છે. કેન્દ્રના દીર્ઘદૃષ્ટા ટ્રસ્ટીગણ તથા સક્રિય સાધકોના અવિરત પ્રયાસો થકી દેશના પ્રખ્યાત ૧૦-૧૨ આર્કિટેકટની રાહબરી હેઠળ આઠ માસના અથાક પરિશ્રમના ફલસ્વરૂપ તૈયાર થનાર આ વિશાળ ધમ્મકોટ કેન્દ્રના ભૂમિપૂજન કાર્યક્રમમાં ધ્યાન અને મૈત્રીથી પરિપ્લાવિત ભૂમિની દિવ્યતામાં વૃદ્ધિ કરવા આપશ્રી આપના પરિચિત સાધકગણ સાથે પધારશો, એવી કરબદ્ધ પ્રાર્થના છે.

**તારીખ : ૧૯-મે-૨૦૧૯, રવિવાર બુદ્ધપૂર્ણિમા**

**સમય** : સવારે ૮:૦૦ થી બપોરે ૧૨:૦૦
**સ્થળ** : રંગપર ગામ, જામનગર રોડ, જી. રાજકોટ.
**વિનીત** : ધમ્મકોટ, રાજકોટ.
**નોંધ** : સૌરાષ્ટ્રના તમામ મોટા સેન્ટર પરથી રંગપર જવા-આવવા માટે વાહનની વ્યવસ્થા કરેલ છે. યોગ્ય વ્યવસ્થા થઇ શકે તે માટે અને આપને કોઇપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે તા. ૧૨ મે ૨૦૧૯ સુધીમાં આપનું રજીસ્ટ્રેશન કરાવી લેશો.

**-:: સંપર્ક ::-**

| | |
|---|---|
| **રાજકોટ** | **:૯૪૨૭૨ ૨૧૫૯૧, ૭૯૯૦૪ ૩૦૭૭૩** |
| **અમિતભાઇ સંઘવી** | **:૯૪૨૮૩ ૪૫૬૭૧** |
| **પ્રકાશભાઇ ડાંગર** | **:૯૮૯૮૨ ૬૩૬૪૭** |
| **મોરબી : નરેન્દ્રભાઇ અઘારા** | **:૯૯૦૯૭ ૪૪૩૪૪** |
| **સુરેન્દ્રનગર** | **:૯૮૨૫૫ ૭૯૯૬૭, ૮૩૪૭૭ ૦૩૧૦૭** |
| **થાન : રણજીતભાઇ** | **:૯૮૭૯૩ ૫૧૬૩૩** |
| **જામનગર : રમેશભાઇ** | **:૯૯૦૯૦ ૧૦૨૪૫** |

# ધમ્મકોટ નવા કેન્દ્રનું નિર્માણ

વર્તમાન ધમ્મકોટ કેન્દ્રની જગ્યા કેટલાય સમયથી ઓછી પડતી હોવાથી હાલમાં જ રંગપર ગામ ખાતે ૨૧ એકરની વિશાળ જગ્યામાં નવા કેન્દ્ર અને સંલગ્ન આવશ્યક સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજિત છે.

**નવા ધમ્મકોટ કેન્દ્રની વિશેષતાઓ નીચે મુજબ હશે :**

| | |
|---|---|
| ૧. સાધક-સાધિકાઓ માટે આવાસ | ૨૮૦ રૂમ |
| ૨. ધમ્મહોલ મોટા | ૩ |
| ૩. ધમ્મહોલ નાના | ૬ |
| ૪. શૂન્યાગાર | ૨ |
| ૫. ડાઇનિંગ હોલ | ૨ |
| ૬. આચાર્ય નિવાસ | ૮ |
| ૭. કાર્યાલય-ઓફિસ | ૧ |
| ૮. અતિથિ કક્ષ-ગેસ્ટ હાઉસ | ૬ |
| ૯. સ્ટાફ કવાર્ટર | ૧૦ |

**પ્રથમ ચરણમાં કરવામાં આવનાર કામોની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૧. સાધક-સાધિકાઓ માટે આવાસ | ૧૦૦ રૂમ |
| ૨. ધમ્મહોલ | ૧ |
| ૩. શૂન્યાગાર | ૧ |
| ૪. ડાઇનિંગ હોલ | ૧ |
| ૫. આચાર્ય નિવાસ | ૪ |
| ૬. કાર્યાલય-ઓફિસ | ૧ |
| ૭. કમ્પાઉન્ડ વોલ | ૬૦૦૦ રનિંગ ફૂટ |

આપ જોઇ શકશો કે આગામી વર્ષોમાં અહીં ધર્મના પ્રસારનું કાર્ય મોટા પાયે થવા જઇ રહ્યું છે. કેટલાયે સાધકો અહીં સાધના કરીને ધર્મ પામશે. આ પુનીત કાર્યમાં, નિર્માણ ખર્ચમાં સહભાગી થઇને આપ પુણ્ય પારમીનું અર્જન કરી શકશો. દાનની રકમ બેંક ખાતામાં જમા કરાવવા માટે બેંક ખાતાની વિગત નીચે આપી છે.

**બેંક :** HDFC LTD. બેંક — **શાખા :** યાજ્ઞિક રોડ
**ખાતાનંબર :** ૫૦૧૦૦૦૨૬૬૧૩૧૨૮ — **ખાતુ :** સેવિંગ એકાઉન્ટ
**IFSC કોડ :** HDFC0000101 — **MICR કોડ :** ૩૬૦૨૪૦૦૦૨

## કાદવમાં કમળ ખીલ્યું-૧

*વજ્જીઓની વિશાળ રાજધાની વૈશાલી, જન-કોલાહલથી ભરપૂર, વધુ વસ્તીવાળી, એકતંત્રીય નહીં પ્રજાતંત્રીય રાજ્ય, રાજ્યસભાના બધા જ સદસ્યો રાજાના પદથી સુશોભિત, આથી રાજનગરી તેના અનેક મહેલોથી, કુટાગારોથી, પુષ્કરણીઓથી, ઉદ્યાનોથી સુંદર, સુશોભિત. પુષ્કરણીઓમાં રાત્રિના સમયે કુમુદ ખીલતાં અને દિવસે કમળ. બગીચાઓમાં વિવિધ પ્રકારનાં ઝાડ, ફળો અને ફૂલોથી લચી પડેલાં નગરની સુષમામાં ચાર ચાંદ લગાડતાં હતાં. સમસ્ત વજ્જી રાષ્ટ્ર ધન-ધાન્યથી પરિપૂર્ણ હતું, જેથી સમસ્ત નગરજનોનું જીવન વિલાસ, વૈભવ, માદક તરંગોથી તરંગિત રહેતું હતું.*

નગરની બહાર એક આમ્રકુંજ હતું. એક દિવસ પ્રાતઃકાળે ઉદ્યાન-રક્ષક માળી કુંજની રખેવાળી કરવા ત્યાં પહોંચ્યો તો એ જોઈને અત્યંત વિસ્મિત થઈ ગયો કે એક ઘટાદાર આમ્રવૃક્ષની નીચે એક નવજાત કન્યા સૂતેલી પડી છે. જનેતાએ તેને ઝાડની નીચે જન્મ આપ્યો અને મળ-મૂત્રની માફક તરછોડીને ચાલી ગઈ. આ પરિત્યક્તા બાળકીની જનેતા ખરેખર ખૂબ જ કઠોર હૃદયની હશે. પરિત્યક્તા બાળકી નિશ્ચિત જ કોઈ રાજઘરાનાની વ્યભિચારિણી નારીની તરછોડાયેલી અવૈધ સંતાન હતી અથવા કોઈ ગણિકાની વણચાહેલી પુત્રી હતી. તે માસૂમ બાળાના ચહેરા પર સુંદરતાની આભા ફૂટી રહી હતી. માળીએ તેને ઉપાડી લીધી અને પોતાના ઘેર લઈ આવ્યો. માલણ નિઃસંતાન હતી, સંતાનની કામના કરતી હતી. બાળકીને જોઈ તો તેના મનમાં વાત્સલ્ય ઊભરાઈ આવ્યું. તેની છાતી ભીંજાઈ ગઈ. તેણે બાળકીને પોતાની છાતી સરસી ચાંપીને તેનું મોં ચૂમી લીધું. કેવી નિર્દય હશે તે મા, જેણે જન્મ આપતાં જ પોતાના કાળજાના ટુકડાને આમ ચીમળાઈ જવા માટે ફેંકી દીધી. સારું થયું, કોઈ હિંસક પશુનો કોળિયો ન બની. આ વિશાળ આમ્રવૃક્ષે જ જાણે તેને સુરક્ષિત રાખી, આથી માલણે તેનું નામ આમ્રપાલી રાખ્યું. મોટી થતાં તેણે ઘણાં જ આમ્રવૃક્ષ રોપ્યાં અને ઉછેર્યાં. એ અર્થમાં પણ તેનું નામ અંબપાલી - આમ્રપાલી સાર્થક થયું.

માલણે કન્યાને ખૂબ જ પ્રેમથી ઉછેરી. તે બીજના ચંદ્રનો ટુકડો ગરીબ માલણના પ્રેમથી શ્રીવૃદ્ધિ પામ્યો. જેમ તેના બાગની કળીઓ સમય થતાં પ્રફુલ્લિત ફૂલમાં બદલાઈ જતી હતી, તેવી જ રીતે આ કન્યા પણ અનિંદ્ય સુંદરતા ધારણ કરી બાળકીમાંથી કિશોરી અને કિશોરીમાંથી નવયૌવનાના રૂપમાં પ્રફુલ્લિત થતી ગઈ. શુક્લ પક્ષના બીજની ચંદ્રરેખા આ ષોડશીના રૂપમાં પૂર્ણિમાનો પરિપૂર્ણ ચંદ્ર બની ગઈ. તે નૃત્યવિદ્યા શીખી અને તેમાં પારંગત બની, વાદ્ય-વિદ્યા શીખી અને તેમાં પ્રવીણ બની, સંગીત-વિદ્યા શીખી અને તેમાં દક્ષ બની. આવી રીતે અનેક લલિતકળાઓમાં તેણે નિપુણતા પ્રાપ્ત કરી. આ સર્વેએ તેના અપ્રતિમ સૌંદર્યમાં વિશિષ્ટ સુરભિ ભરી દીધી.

પ્રજાતંત્રના રાજઘરાનાઓના મનમોજી યુવાનોની દૃષ્ટિ આમ્રપાલી પર પડી. બધા જ તેને પ્રાપ્ત કરવા માટે લલચાઈ ઊઠ્યા, પોતાની કરવા માટે આતુર થઈ ઊઠ્યા. અનેકોની તીવ્ર આકાંક્ષાઓ પારસ્પરિક પ્રતિસ્પર્ધામાં બદલાઈ, પ્રતિસ્પર્ધા પ્રતિદ્વંદ્વિતામાં બદલાઈ અને આ પારસ્પરિક કલહે નગરની અને રાષ્ટ્રની સુરક્ષા, શાંતિને જોખમમાં મૂકી દીધી. વડીલો-વૃદ્ધોએ સુલેહ કરાવવાની ઈચ્છા કરી, પરંતુ અસફળ રહ્યા. આથી બધાએ મળીને નિર્ણય કર્યો કે તે કોઈ એકની નહીં બનતાં **सब्बेसं होतु** અર્થાત્ સૌની થાય, કોઈ એક ઘરની વહુ નહીં બનતાં નગરવધૂ બને, જનપદવધૂ બને, કોઈ એક ઘરની કુળશોભિની નહીં બનતાં નગરશોભિની બને, જનપદશોભિની બને. આથી બધાએ મળીને તેને જનપદકલ્યાણીના પદ પર સ્થાપિત કરી. જનપદની સર્વશ્રેષ્ઠ સુંદરી માટે આ પદ નિશ્ચિત રાખવામાં આવતું હતું. રાજ્યે જનપદકલ્યાણીની એક રાત્રિની કિંમત પચાસ મુદ્રાઓ નક્કી કરી, જોકે તે સમયના મૂલ્ય અનુસાર તે ખૂબ જ વધારે હતી.

આમ્રપાલી આ નિર્ણયથી નાખુશ નહોતી. જનપદ-સુંદરીના પદથી સુશોભિત થવું તેને સારું લાગ્યું. તે પોતાના વ્યવસાયથી ખુશ હતી. દિવસે દિવસે તેનાં રૂપ-શોભાની પ્રસિદ્ધિ ફેલાવા લાગી. તેના કારણે વૈશાલીનગરી અને વજ્જીઓના જનપદની શોભા-પ્રસિદ્ધિ વધવા લાગી. પડોશી જનપદોમાં પણ આમ્રપાલીની ખ્યાતિ ફેલાઈ. તેના કારણે અનેક લોકો વૈશાલી આવવા લાગ્યા. સમીપના મગધ જનપદના રાજગૃહ નગરનો નગરપતિ કોઈ રાજકાર્યથી વૈશાલી આવ્યો. ત્યાં તેણે આમ્રપાલીની ખૂબ ખ્યાતિ સાંભળી. **- ક્રમશઃ ....**

**-કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

**-''ધારણ કરે તો ધર્મ'' પુસ્તકમાંથી સાભાર**


**STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS ABOUT NEWS PAPER VIPASSANA MONTHLY (GUJARATI) AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE 8 OF REGISTRATION OF NEWS PAPER (CENTRAL RULES, 1956)**

**FORM - IV (SEE RULES 8)**

| | | |
|---|---|---|
| 1. | **Place of Publication** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 2. | **Periodicity of the Publication** | **Monthly** |
| 3. | **Printer's Name** | **Mr. Chandubhai G. Mehta** (on behalf of Saurashtra Vipassana Research Center) |
| | **Whether citizen of India ?** | Yes |
| | **Address** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 4. | **Publisher's Name** | **Mr. Chandubhai G. Mehta** (on behalf of Saurashtra Vipassana Research Center) |
| | **Whether citizen of India ?** | Yes |
| | **Address** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 5. | **Editor** | **Mr. Bharat S. Kapadia** |
| | **Whether citizen of India ?** | Yes |
| | **Address** | Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001. |
| 6. | **Names and address of Individuals who own the news paper and partners or share holders holding more than on percent.** | **Saurashtra Vipassana Research center, Bhabha Hotel, Panchnath Road, Rajkot - 360 001.** |

**I Chandubhai G. Mehta hereby declare that the particulars given above are true to best of my knowledge and belief.** Sd/-

Date : 01-03-2019 Chandubhai G. Mehta

Place : RAJKOT Publisher & Printer

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ,
પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય
૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
**Ph.: 0281-2233666,**
**M : 78 78 72 72 23,**
**M : 78 78 72 72 40,**
**M : 93279 23540,**
**E-mail :**
dhammakot@gmail.com

01-05 to 12-05
15-05 to 26-05
29-05 to 09-06
12-06 to 23-06
26-06 to 07-07
10-07 to 21-07
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
03-09 to 11-9-19
**10 Day Spl.**
01-09 to 12-09-19
**3 DAYS**
03-10 to 06-10-19
**1 DAY**
26-05-2019

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી
૧૫ કિ.મી., N.H. નં.–૮
બોરિયાચ ટોલનાકાથી 2km
પશ્ચિમે, **ગામ :** વગલવાડ,
તા.: ગણદેવી. **સંપર્ક :**
**Mo : 78784 60961,**
**Mo : 95865 82660,**
**94281 60714,**
**98250 44536. E-mail :**
info@ambika.dhamma.org

15-05 to 26-05-19
27-05 to 07-06-19
08-06 to 19-06-19
26-06 to 07-07-19
09-07 to 20-07-19
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
26-09 to 04-10-19
**10 Days Spl.**
24-09 to 05-10-19
**3 DAYS**
20-06 to 23-06-19
**Anapana Boys**
07-05 to 09-05-19
**Anapana Girl**
11-05 to 13-05-19

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કીટિકટ,
૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ,
લાકડા બજાર, માંડવી,
કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
**Ph.: 02834-223575,**
**M : 99745 75660**
**E-mail :**
info@sindhu.dhamma.org

05-05 to 16-05-19
02-06 to 13-06-19
16-06 to 27-06-19
03-07 to 14-07-19
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
02-06 to 10-06-19
**10 Days Spl.**
03-07 to 14-07-19
10-09 to 18-09-19
**3 DAYS**
28-06 to 01-07-19
**20 DAYS**
25-09 to 16-10-19
**30 DAYS**
25-09 to 26-10-19

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના
કેન્દ્ર–ધમ્મપીઠ
અમદાવાદ
રનોડા તા. ધોળકા,
જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
**Ph.: 02714-294690,**
**M : 94264 19397**
**E-mail :**
info@pitha.dhamma.org

01-05 to 12-05-19
22-05 to 02-06-19
05-06 to 16-06-19
**ફક્ત જૂના સાધકો માટે**
**1-Day**-18-05-2019
**30-Days**-15-07 to15-08
**STP**-15-10 to 23-10-19

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
**Ph.: 02697- 245460, 245302**
**M : 94265 00765.**
**દિપકભાઇ સંપર્ક : M.94289 00794**
**Time 10.00am to 5.30 pm**
E-mail : vipassana.dharmaj@gmail.Com

07-05 to 18-05-19
16-07 to 27-07-19
13-09 to 24-09-19
**1-DAY**-21-04-2019

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,
૭–અપના બજાર,
વિમલ સુપર માર્કેટ,
બી.કે. રોડ, મહેસાણા.
(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
**Ph.: 02762-272800,**
**254634, 252345**
**M : 94292 33000.**
**E-mail :**
info@divakara.dhamma.org

08-05 to 19-05-19
22-05 to 02-06-19
05-06 to 16-06-19
19-06 to 30-06-19
03-07 to 14-07-19
18-07 to 29-07-19
31-07 to 11-08-19
14-08 to 25-08-19
**ફક્ત જૂના સાધકો માટે**
**1 Day Spl.**
**Guru Purnima**
16-07-2019
**Teen.Girl**
12-11 to 20-11-19

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–
પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
**M : 7878103636**
**M : 97149 11913**
**M : 97149 10913**
**સિટી ઓફીસ :**
**Ph. 0278 - 2521066,**
**M : 88 66 71 3636**
**E-mail :**
dhammapali15@gmail.com

01-05 to 12-05
15-05 to 26-05
29-05 to 09-05
03-07 to 14-07
24-07 to 04-08
21-08 to 01-09
**ફક્ત જૂના સાધકો માટે**
**STP**
15-06 to 23-06-19
**1 DAYS**
05-05-2019
02-06-2019
07-07-2019
04-08-2019

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

સકલ જગત મેં વિકલતા, જન જન મન અકુલાય ।
જ્યોં જ્યોં ભાગે દુઃખ સે, ત્યોં ત્યોં દુખ અધિકાય ॥
જનમ જનમ ભટકતા ફિરા, દુઃખ કે હી કાન્તાર ।
જનમ જનમ ઢોતા રહા, જરા મૃત્યુ કા ભાર ॥
જબ જબ જન્મા બિન રૂકે, રહા લગાતા દૌડ ।
કદમ કદમ બઢતા રહા, મૃત્યુ દ્વાર કી ઓર ॥

## દોહા ધરમના

હોય કોપ સે ક્રુદ્ધ જો, હોય લોભ સે લુબ્ધ ।
હોય રાગ સે રુગ્ણ જો, હોય ક્ષોભ સે ક્ષુબ્ધ ॥
કહાં શાન્તિ હૈ, સુખ કહાં, અંતર ભરે વિકાર ।
ઝૂઠી થોથી કલ્પના, કરે ન દુઃખ સે પાર ॥
સુખ-દુઃખ, દુઃખ-સુખ ભોગતે, બીતે કાલ અનંત ।
અમર તત્ત્વ પાયા નહીં, હુઆ ન દુઃખ કા અન્ત ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 19 એપ્રિલ 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**
**Weighs less than 30 gms**
**Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.**

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
**ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.**
**સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23**
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org